પ્રાંતિજ બેઠકના ભાજપના ઉમેદવાર

ગજેન્દ્ર સિંહ પરમારનો તલોદ શહેરમાં ડોર ટુ ડોર પ્રચારમાં ઉમળકા ભેર આવકાર

તલોદ તા. ૨૮

આગામી વિધાનસભા ની ચુંટણીમાં પ્રાંતિજ બેઠક ના ભાજપ ના ઉમેદવાર ગજેન્દ્ર સિંહ પરમાર ને પ્રચાર કાર્ય મા ગામેગામ ઠેર ઠેર ઉમળકા ભેર સ્વાગત કરવામાં આવી રહ્યુ હોવાનું જાણવા મળે છે

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાની રાજકિય પ્રયોગશાળા ગણાતા તલોદ પ્રાંતિજ બેઠક ના વર્તમાન ધારાસભ્ય અને ગુજરાત સરકાર ના મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર ની પુનઃ પસંદગી થતાં પ્રચાર કાર્ય મા સંગઠન ના હોદ્દેદારો સહિત ટેકેદારો અને કાર્યકરો દ્વારા તલોદ તાલુકાના એકસો બાવીસ ગામ અને પ્રાંતિજ તાલુકાના સીતેર જેટલા ગામોમાં ઝંઝાવતી પ્રચાર અભિયાન પૂર્ણ કરી દેવામાં આવ્યો છે ગામડાઓ માં લોકસંપર્ક દરમ્યાન બંને તાલુકામાંથી વ્યાપક જનસમર્થન પ્રાપ્ત થઈ રહ્યું છે

ગ્રામ્ય વિસ્તાર માંથી પ્રચાર અભિયાન નો એક તબક્કો પૂરો કર્યા બાદ આજ રોજ તલોદ શહેર ખાતે ટાવર થી મઠ નાકા સુધી ના લોકસંપર્ક અભિયાન અંતર્ગત તલોદ માર્કેટ યાર્ડ ખાતે આવેલ લોહ પુરુષ સરદાર વલ્લભ ભાઈ પટેલ ની પ્રતિમા ને ફૂલહાર પહેરાવીને પ્રચાર કાર્ય નો આરંભ કર્યો હતો આ પ્રચાર અભિયાન માં તલોદ તાલુકાના ભાજપ પ્રમુખ કલ્પેશ ભાઈ પટેલ તલોદ માર્કેટ યાર્ડ ના ચેરમેન સંજય પટેલ જિલ્લા મહિલા અને બાળવિકાસ ચેરમેન રેખા બા ઝાલા તલોદ શહેર ભાજપ પ્રમુખ દામોદર પટેલ મહામંત્રી નરેન્દ્રસિંહ ઝાલા, પુર્વ નગરપાલિકા પ્રમુખ શિવુભાઈ પટેલ, પુર્વ સંગઠન પ્રમુખ ગોપાલ શાહ મહિલા મોરચા ના પ્રમુખ જિજ્ઞા બેન મહેતા, રચના બેન ગાંધી,મહામંત્રી મિકીતા પટેલ

સંગિની ફોરમ ના ચેર પરસન દીપા બેન કુવાડિયા ઉપપ્રમુખ વસુમતી શાહ સહિત અંદાજે પાંચસો જેટલા કાર્યકરો પ્રચાર અભિયાન માં જોડાયા હતા ટાવર ચોકથી પ્રચાર અભિયાન દરમિયાન દરેક દુકાન ધારકે ઉમેદવારનું ફૂલહાર પહેરાવીને તો કોઈક દુકાન ધારકે શુકન માં શ્રીફળ અને ચૂંદડી આપી ભવ્ય સ્વાગત કરી જંગી બહુમતીથી વિજયી બને એવી શુભેચ્છા પાઠવી હતી તલોદ શહેર ના હાર્દ સમા ટાવર ચોકથી મઠ નાકા સુધી ગજેન્દ્ર સિંહ પરમાર નુ ઠેર ઠેર ઉમળકા ભેર સ્વાગત કરવા માટે મોટી સંખ્યામાં નગરજનો ઊમટી પડયા હતા ડી જે ના તાલે સમગ્ર શહેર રાષ્ટ્રપ્રેમ ને ઉજાગર કરવા માટે ભાજપ ના ધ્વજ લઈ ને મોટી સંખ્યામાં કાર્યકરો નાગરિકો સ્વયંભૂ ઉમટી પડી સમગ્ર વાતાવરણ કેસરિયા રંગે રંગાઈ ગયેલ જોવા મળતું હતું

તલોદ શહેરમા પ્રચાર અભિયાન અંતર્ગત ગજેન્દ્રસિંહ પરમાર ને શહેરીજનોએ અપાર પ્રેમ અને લાગણી જોઈ આપતા એક તબક્કે ગજેન્દ્ર સિંહ ગદગદિત થઈ ભાવવિભોર થઈ ગયા હતા અને બે હાથ જોડી શહેરીજનો નું બે હાથ જોડી સૌનું અભિવાદન ઝીલ્યું હતું અને આપ સર્વે ના આશિર્વાદ થી જ હુ આ સ્થાને પહોંચ્યો છુ અને આપ સર્વે ના આશિર્વાદ થી જ પુનઃ વિજયી બનીશ તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો

માલપુર પર ગામ લેઉઆ પાટીદાર સમાજના સમૂહ લગ્ન સંપન્ન

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જીલ્લાનો માલપુર તાલુકામાં લેઉઆ પાટીદાર સમાજનો દબદબો છે જીલ્લાના ઉત્થાન માટે વિવિધ મંડળ સતત સેવાકીય કર્યો કરી રહ્યા છે ૫૨ ગામ માલપુર તાલુકા લેઉઆ પાટીદાર સમાજ દ્વારા દસમો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો જેમાં ૨૬ નવ દંપતિએ પ્રભુતાના પગલાં પાડ્યા હતા સમૂહ લગ્ન મહોત્સવની રંગેચંગે ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી માલપુર લેઉઆ પટેલ સમાજ વિકાસ મંડળના પ્રમુખ વિનોદ રામાભાઈ પટેલ અને તેમની ટીમે સમૂહ લગ્નનું ભવ્યાતિભવ્ય આયોજન કરતા સમાજના અગ્રણીઓ અને લોકોએ સરાહના કરી હતી. ૫૨ ગામ લેઉઆ પાટીદાર સમાજ, પાટીદાર વિકાસ મંડળ અને પાટીદાર પ્રગતિ મંડળ દ્વારા માલપુર પી.જી મહેતા હાઈસ્કૂલ ખાતે ૧૦મો સમૂહ લગ્ન મહોત્સવ યોજાયો હતો.જેમાં સમાજના ૨૬ નવ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. વૈદિક ભૂદેવોના મંત્રોચ્ચારથી અગ્નિની સાક્ષીએ ચોરીમાં મંગલ ફેરા ફરીને આજથી લેઉઆ પાટીદાર સમાજના નવયુગલો સાંસારિક જીવનની શરૂઆત કરશે.સમૂહ લગ્નમાં ૫૦૦ સ્વયંસેવકો બે દિવસ ખડેપગે ઉભા રહ્યા હતા. સમાજના ભામાશા પટેલ જવેલર્સના સોનિકપુર ગામના મગન પટેલ તેમજ મઠવાસ ગામના જસુ પટેલ દ્વારા વિશેષ દાન મળતા તેમજ વિકાસ અને પ્રગતિ મંડળના દાન વડે દસમો સમૂહ લગ્નોત્સવ નવ વર્ષ બાદ આજે ફરી એક વખત સંપન્ન થયો છે. ત્યારે સામાજિક મોભો ગરીબ હોય કે પૈસાદાર તમામ લોકો એક સમાન રહે તેવા ઉમદા હેતુથી સમૂહ લગ્નનું આયોજન કરી લેઉઆ પાટીદાર સમાજ દ્વારા એકતાના દર્શન થયા હતા.

પ્રાંતિજ હોટલ ખાતે આમ આદમી પાર્ટીની જાહેર સભા યોજાઈ

પ્રાંતિજ તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આપની સભા યોજાઈ હતી જેમા ભાજપ-કોંગ્રેસ માંથી નારાજ થયેલ ૩૦૦ જેટલા કાર્યકરો યુવાનો

આમ આદમી પાર્ટી માં જોડાયા. પ્રાંતિજ-તલોદ ૩૩-વિધાન સભા ની ચુંટણીઓને લઈ ને ચુંટણી પ્રચાર તેજ ચાલી રહ્યો છે ત્યારે આમ આદમી પાર્ટી દ્વારા રવિવાર ના રોજ નેશનલ હાઈવે આઠ કતપુર ટોલટેક્સ પાસે આવેલ ચંદનઈન હોટલ ખાતે એક સભા નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા પ્રાંતિજ સહિત તાલુકામાંથી આમ આદમી પાર્ટી ના કાર્યકરો , આગેવાનો , સમર્થકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તો જોહર સભા મા પંજાબ ના ફતેહગર્હ સાહિબ ના ધારાસભ્ય લખમીરસિંહરાય ઉપસ્થિત રહ્યા હતા અને આમ આદમી પાર્ટી દ્વારા દિલ્હી-પંજાબ મા થઈ રહેલ કામો વિષે વખાણ કરી અમારી સરકાર ગુજરાત મા આવશે તો ગુજરાત માં પણ અમે આજરીતે વિકાસ લક્ષી કામો કરીશુ અને આમ આદમી પાર્ટી ના ઉમેદવાર અલ્પેશ પટેલ ને જીતાડવા ઉપસ્થિત સોવકોઈ ને હાંકલ કરી હતી તો આ વખતે આમ આદમી પાર્ટી ગુજરાત મા સરકાર બનાવશે અને પ્રાંતિજ-તલોદ-૩૩ વિધાન સભા સીટ ઉપર ના આમ આદમી પાર્ટી ના ઉમેદવાર અલ્પેશ પટેલ નો વિજય થશે તેવુ તેવોએ જણાવ્યુ હતુ તો ઉપસ્થિત સોવકોઈ ને આમ આદમી મા પોતાનો વોટ આપવા જણાવ્યુ હતુ તો ભાજપ-કોંગ્રેસ માંથી ૩૦૦ જેટલા લોકો આમ આદમી પાર્ટી માં જોડાયા હતા અને આમ આદમી પાર્ટી નો ખેસ ધારણ કર્યો હતો તો ભાજપ-કોંગ્રેસ માંથી જોડાયેલ લોકોને આમ આદમી પાર્ટી મા જોડાતા તેવોને પુછતા તેવોએ જણાવ્યુ હતુ કે અમે ભાજપ-કોંગ્રેસ બન્ને પક્ષો માંથી કટારી ગયા છીએ અમારે કામ જોઈએ છે અને મોંઘવારી , બેરોજગારી સહિત ના પ્રશ્નો ને લઈ અમે ભાજપ-કોંગ્રેસ છોડીને આમ આદમી પાર્ટી માં જોડાઈએ છીએ તો આ પ્રસંગે પંજાબ ના ફતેહગર્હ સાહિબ ના ધારાસભ્ય લખમીરસિંહરાય, ભાનુસિંહ, સ્નેહલભાઈ પટેલ, કનુસિંહ ચૌહાણ, ગુલાબ સિંહ, આમ આદમી પાર્ટીના હોદ્દેદારો, આગેવાનો સમર્થકો સહિત આમ કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આગામી ૧ ડિસેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હિંમતનગરમાં જાહેરસભા

તલોદ, તા. ૨૮

આગામી વિધાનસભા ની ચુંટણીમાં ત્રિપાંખિયા જંગ માં તમામ રાજકિય પક્ષો માં પ્રચાર અભિયાન વેગવંતુ બન્યું છે જેના ભાગરૂપે સાબરકાંઠા વિધાનસભા ના ચાર ઉમેદવારો ને વિજયી બનાવવા માટે દેશનાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ની હિંમતનગર ખાતે આગામી એક ડિસેમ્બર ના રોજ હિંમતનગર ખાતે આવીને ભાજપ ઉમેદવારો ની તરફેણ માં મતદાન કરાવી ચારેય ઉમેદવારો ને વિજયી બનાવવા યોજાનાર જન સમર્થન સભા ને સંબોધન કરશે મોદી ના હિંમતનગરના પ્રવાસ ના લીધે વહીવટી તંત્ર દ્વારા બુધવારથી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. વૈશાલી ગ્રાઉન્ડ ખાતે યોજાનાર જાહેરસભામાં ખેડબ્રહ્મા, ઈડર હિંમતનગર અને પ્રાંતિજ વિધાનસભા બેઠક પર ના ભાજપના ઉમેદવાર ઉપસ્થિત રહેશે. વડાપ્રધાન મોદી આગામી એક ડિસેમ્બર ના રોજ હિંમતનગર ખાતે આવેલ વૈશાલી ગ્રાઉન્ડ ખાતે બપોરે ત્રણ વાગે જાહેરસભા સંબોધશે

ચોરીથી અસરગ્રસ્ત સોસાયટીઓમાં રહીશોનું સ્વયં પેટ્રોલીંગ

હિંમતનગરની ધારેશ્વર સોસાયટીમાં તસ્કરોના આતંકથી રહીશોની ઊંઘ હરામ

પોલીસ ચૂંટણી બંદોબસ્તમાં વ્યસ્ત રહેતાં તસ્કરો મસ્ત

બાયડ (બ્યુરો ઓફીસ), તા. ૨૮

હિંમતનગરના ગાયત્રી મંદિર રોડ વિસ્તારની કેટલીક સોસાયટીઓમાં હમણાંથી તસ્કરોનો આતંક અનેક ગણો વધી જતાં

રહીશોની ઉંઘ હરામ થઈ છે. અગાઉથી આ વિસ્તારની ધારેશ્વર, મંગલમૂર્તિ તેમજ રુદ્રપાર્ક સહિતના સોસાયટી વિસ્તારોમાં તસ્કરોએ ખોફ ઉભો કર્યો છે ત્યાં હવે પોલીસ ચૂંટણી બંદોબસ્તમાં વ્યસ્ત રહેતાં રાત પડે તસ્કરો ત્રાટકતા હોવાથી પ્રજા ભયના ઓથાર હેઠળ આવી છે.

પોલીસ નાઈટ પેટ્રોલીંગના દાવા કરી રહી છે ત્યારે હિંમતનગરના સોસાયટી વિસ્તારોમાં તસ્કરોએ બંધ મકાનોના તાળાં તોડી પોલીસને ખુલ્લો પડકાર ફેંક્યો છે. તસ્કરીના બનાવ પોલીસ દફતરે નોંધાયા પછી પણ તસ્કર ટોળકી પોલીસના સકંજામાં આવતી નથી ત્યાં ગાયત્રી મંદિર રોડ પરની ધારેશ્વર સોસાયટી સહિતના વિસ્તારોમાં રોજ રાત પડે તસ્કરોનો આતંક જોવા મળી રહ્યો છે જેના કારણે રહીશો સુખેથી ઉંઘી પણ શકતા ન હોવાથી એક પ્રકારનો તસ્કરોનો ખોફ રહીશોમાં હાવિ થયેલો જોવા મળી રહ્યો છે. આ વિસ્તારમાં ઉપરા છાપરી ચોરીના બનાવ બન્યા છે છતાં પોલીસે કોઈ ગંભીરતા દાખવી નથી અને કહેવા ખાતર નાઈટ પેટ્રોલીંગ થતું હોય છે. હમણાંથી શંકાસ્પદ ઈસમોની સોસાયટી વિસ્તારોમાં વધુ અવર જવર રહેવાની સાથે ધારેશ્વર, મંગલમૂર્તિ તેમજ રુદ્રપાર્ક સોસાયટી સહિતના વિસ્તારોમાં ચોરીના બનાવ વધી જતાં આ વિસ્તારના રહીશોને જાતે જ માંડી રાત સુધી પેટ્રોલીંગ કરવાની ફરજ પડી છે. તસ્કરોનો ભય એટલી હદે હાવિ થયો છે કે અસરગ્રસ્ત સોસાયટીના રહીશો વારા ફરતી રાત્રિ જાગરણ કરી રહ્યા છે અને તસ્કર ટોળકી જણાય કે તરત નજીકની સોસાયટીના રહીશોને મોબાઈલ થી જાણ કરી દેવામાં આવતી હોય છે તેમ છતાં તસ્કરો કોઈને કોઈ ઘરનાં તાળાં તોડવામાં સફળ રહેતા હોય છે. સોસાયટી વિસ્તારોમાં રહીશો અને તસ્કરો વચ્ચે મોંડી રાત્રે ચોર પોલીસનો ખેલ ખેલાઈ રહ્યો છે પરંતુ ખાખી વર્દી તસ્કર ટોળકીને જબ્બે કરવામાં નિષ્ફળ રહી છે. આ વિસ્તારમાં અગાઉ ઘરફોડ ચોરીના બનાવ નોંધાયા હોવા છતાં પોલીસ દ્વારા રહીશોને ગલ્લાં-તલ્લાં કરી માત્ર કાગળ ઉપર જાણવા જોગ નોંધ લઈ રવાના કરી દેવામાં આવ્યાના હોવાના પણ આક્ષેપ સામે આવ્યા છે.

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ વિધાનસભા ભાજપ કાર્યાલય સંતો મહંતોના હસ્તે ખુલ્લું મુકાયું

પાલનપુર તા. ૨૮

ગુજરાતની ભાજપ સરકારના વર્તમાન શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કિર્તીસિંહ વાઘેલા કે જે અત્યારે ચૂંટણીમાં કાંકરેજ ભાજપના ઉમેદવાર તરીકે ચૂંટણી જંગમાં છે. થરા શિહોરી હાઈવે રત્નાકર શોપિંગ સેન્ટરમાં કિર્તીસિંહ વાઘેલા નું ચૂંટણીનું મધ્યસ્થ કાર્યાલય ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર કિર્તીસિંહ વાઘેલાએ સંતોનુ સ્વાગત કરી તેમના આશીર્વાદ લીધા હતા અને તાલુકાના આગેવાનો કાર્યકર્તાઓ તેમજ વિધાનસભા વિસ્તારમાંથી આવેલા તમામ લોકોનું છૂટા ફૂલોથી સન્માન કરવામાં આવ્યું હતું.ત્યારબાદ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ આગેવાનોએ પોતાના વક્તવમાં કિર્તીસિંહ વાઘેલાના પાંચ વર્ષની કામની પ્રશંસા કરી હતી. કિર્તીસિંહ વાઘેલાએ અત્યાર સુધીમાં કોંગ્રેસ પાર્ટીના ખાડાઓ પૂરવા મા સમય ગયો છે હવે કીર્તિસિંહ વાઘેલા ની ગાડી ટોપ ગેરમા આવી ગઈ છે. આપ સૌ સાથે મળી ભાજપ નો વિકાસ કરીએ અને કમળને જીતાડીએ અહીંથી કમળ ગાંધીનગર મોકલી નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબૂત કરવાના છે.આપણે બધા સાથે મળી અભયથી કભી મિલાવી વધુમાં વધુ મતદાન થાય તેવા પ્રયત્નો કરશું અને કિર્તીસિંહ વાઘેલા નહીં ૧૮૨ માંથી સૌથી વધુ કાંકરેજ તાલુકા માંથી લીડ મળે અને સૌના આશીર્વાદથી જીતાડીને મોકલવાના છે. એપીએમસીના ચેરમેન અણદાભાઈ પટેલ ભારતીય જનતા પાર્ટીના જિલ્લાના પ્રભારી સુરેશભાઈ શાહ પૂર્વ જિલ્લા મહામંત્રી ભારતસિંહ ભટેસરિયા જિલ્લા ભાજપ મહામંત્રી ડાયાભાઈ પિલીયાતર પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ સુખદેવસિંહ સોઢા પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ દિનેશભાઈ દવે પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય મેવુજી સોલંકી પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય રાણાજી સોલંકી પૂર્વ તાલુકા પંચાયત સદસ્ય પારખાંજી સોલંકી દલિત સમાજના આગ્રાણી હેમાભાઈ વાઘેલા તાલુકા પંચાયત સદસ્ય હંસપુરી ગૌસ્વામી ભીલડી મંડળના પ્રમુખ પનસિહ સોલંકી ઠાકોર સેનાના પ્રમુખ દિનેશભાઈ ઝાલેરા તાલુકા ખરીદ વેચાણ સંઘના ચેરમેન અમરતભાઈ દેસાઈ થરા પ્રગતિ બેંકના ચેરમેન ચિનુભાઈ શાહ જૈન સમાજના અગ્રણી હર્ષદભાઈ શાહ કાંકરેજ વિભાગ ક્ષત્રિય રાજપૂત સમાજના પ્રમુખ કરણસિંહ વાઘેલા હીરાભાઈ જોશી અખાભાઈ પટેલ વડા શક્તિ કેન્દ્રના પ્રમુખ વનરાજસિંહ વાઘેલા તાલુકા ભાજપના ઉપપ્રમુખ વિજુભા વાઘેલા જીણુભા વાઘેલા બકુભા વાઘેલા કનુભા વાઘેલા પ્રહલાદસિંહ વાઘેલા ના વીડી વાઘેલા બચુભા વાઘેલા તલુભા વાઘેલા સંજુભા વાઘેલાજૈન સમાજના અગ્રણી ધીરજભાઈ શાહ પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ હરગોવનભાઈ શિરવાડિયા સાવિયાણા સરપંચ રશિકજી ઠાકોર તાણા પૂર્વ સરપંચ ગીરીશભાઈ પટેલ તાલુકા ભાજપ પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ મહામંત્રી ઈસુભા વાઘેલા મહામંત્રી અમીભાઈ દેસાઈ સમાજના અગ્રણી દેસાઈ જામાભાઈ ભીલડી મંડળના મહામંત્રી રાજવીર સિંહ રાઠોડ તથા કોંગ્રેસ તાલુકા ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ તાલુકા પંચાયતના ડેલિકેટો તાલુકાના રાજકી નેતાઓ સરપંચો આગેવાનો અને તાલુકાની ધર્મ જનતા બહોળી સંખ્યામાં કાર્યાલય ઉદ્ઘાટન પ્રસંગે આવ્યા હતા આવી હતી આ પ્રસંગે દેવ દરબાર જાગિર મઠ ૧૦૦૮મહંત બળદેવ નાથ બાપા ભારત ભરના ભરવાડ સમાજની ગુરુગાદી ઝાઝાવાળા વાળીનાથ ભગવાનની ગુરુગાદીના મહંત ૧૦૦૮ ઘનશ્યામ પુરી બાપુ થળી મઠ કેવળ પૂરી બાપુ ની મઠની જગ્યાના મહંત શ્રી ૧૦૦૮ જગદીશ પુરી બાપુ તથા તેમની સાથે પધારેલા સાધુ સંતોએ કીર્તિ સિંહ વાઘેલા ને જીત ના આશીર્વાદ આપ્યા હતા કાર્યક્રમની આભાર વિધિ ડાયાભાઈ અત્યારે કરી હતી. કાર્યક્રમ બાદ વિધાનસભા વિસ્તારમાંથી આવેલા તમામ લોકોએ ભોજન લીધું હતું.

પાલનપુરમા કારમા મોબાઈલ પર ક્રિકેટનો સટ્ટો રમતો શખ્સ ઝડપાયો

પાલનપુર તા. ૨૮

પાલનપુરમાં નવા બસ સ્ટેન્ડ આગળના ભાગે સર્વિસ રોડ પર કારમા હાલમાં ચાલી રહેલી ટી ટેવન્ટી ક્રિકેટ મેચ પર બેટિંગ પર પૈસાની હાર જીતનો સટ્ટો ખેલી રહેલ ડીસાના એક ઈસમને રૂ.૪.૧૫ લાખ ના મુદ્દામાલ સાથે શહેર પશ્ચિમ પોલીસની ટીમે ઝડપી પાડ્યો હતો. પાલનપુર શહેરના નવા બસ સ્ટેન્ડ સામેના ભાગે આવેલ સર્વિસ રોડ પર પાર્ક કરેલ કાર મા સવાર એક ઈસમ મોબાઈલમાં ક્રિકેટ મેચ પર સટ્ટો ખેલી રહ્યો હોવાની બાતમીના આધારે શહેર પશ્ચિમ પોલીસની ટીમે બાતમી વાળી હુંડાઈ કારમાં સવાર તુલશી ઉર્ફે કાર્તિક જયરામ જોશી રહે.કિશોરપાર્ક સોસાયટી જલારામ મંદિર પાસે ડીસા વાળા ની તપાસ કરતા તેની પાસે રહેલા મોબાઈલમાં યુઝર આરડી પર તે ટી ટેવન્ટી ક્રિકેટ મેચ પર ન્યૂઝીલેન્ડ અને ઈન્ડિયા વચ્ચે ચાલી રહેલી ક્રિકેટ મેચ પર બેટિંગ પર પૈસા ની હાર જીત નો સટ્ટો રમતો અને રમાંડતો હોવાનું માલુમ પડતા તેની મોબાઈલ રોકડ અને કાર મળી રૂ.૪.૧૫.૪૦૦ ના મુદ્દામાલ સાથે અટકાયત કરી તેની સામે શહેર પશ્ચિમ પોલીસ મથકે જુગારધારા ની કલમ હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

પાલનપુરના હરિપુરાના બિસ્માર રોડને લઈને ચૂંટણી બહિષ્કારની ચીમકી

અંબાજી જતા વાહનો હરિપુરા વિસ્તારમાં ડ્રાઇવર્ટ કરાતા અકસ્માતની ભીતિ

પાલનપુર તા. ૨૮

પાલનપુર નગરપાલિકા ના વોર્ડ નં. ૨ માં આવેલ હરિપુરા વિસ્તારમાં બિસ્માર રોડ નું સમાર કામ કરવા માં નહિ આવે તો સ્થાનિકો દ્વારા આગામી વિધાન સભાની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી સાથે જિલ્લા કલેકટરને લેખિત રજુઆત કરવામાં આવી છે. પાલનપુરમાં જુના આરટીઓ સર્કલ પર બ્રિજના કામને લઈ અહીં થી અંબાજી જતા વાહનો ને હરિપુરા વિસ્તારના માર્ગ પર ડ્રાઈવર્ટ કરવામાં આવતા રહેણાંક વિસ્તારમાં રાત દિવસ ભારે વાહનોની અવર જવરને લઈ જાહેર રોડ પર ઠેરઠેર મોટા ખાડા પડી ગયા છે. જેને લઈ સ્થાનિકોને તેમજ વાહન ચાલકોને ઉબડખાબડ રોડ પર પસાર થવું મુશ્કેલ બન્યું છે. તેમજ બિસ્માર રોડ પર રાત દિવસ ભારે વાહનોનો ઘસારો હોવા છતાં રોડ પર બમ્પ મુકવામાં ન આવતા સ્થાનિકોમાં સતત અકસ્માત સર્જાવાની દહેશત વર્તાઈ રહી હોઈ અને પ્રસુતિ જેવા બનાવોમાં આ માર્ગે વાહન પસાર કરવું પણ મુશ્કેલ બન્યું હોઈ એ છેલ્લા કેટલાક સમય થી બિસ્માર હાલતના રહેલા આ રોડનું સત્વરે સમાર કામ કરવાની માંગ સાથે સ્થાનિકો દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવાયુ હતું. જેમાં રોડ ના સમાર કામ ની માંગ સંતોષવામાં નહિ આવે તો આગામી વિધાનસભાની ચૂંટણી નો બહિષ્કાર કરવાની ચીમકી આપવામાં આવી છે જેને લઈ તંત્ર માં દોડધામ મચી જવા પામી હતી.

બનાસકાંઠા જિલ્લાના સરહદી ધાનેરા વિધાનસભાની ચૂંટણીમાં આપ પાર્ટીનો પ્રચાર નહિવત!!!

ધાનેરા તા. ૨૭

ધાનેરા વિધાનસભામાં અત્યારે ત્રિકોણીય જંગ ખેલાઈ રહ્યો છે જેમાં કોંગ્રેસ ભાજપ અને અપક્ષ ઉમેદવાર માવજીભાઈ નો જંગ આમને સામને ઘેરાઈ રહ્યો જોવા મળેલ હોય છે જયારે આમ આદમી પાર્ટી ક્યાય પિક્ચર માં દેખાતી નથી. આપ પાર્ટી ના ઉમેદવાર સુરેશભાઈ દેવડા નો પ્રચાર નહિવત દેખાઈ રહ્યો છે. અને એ ઉમેદવારે હાથ અધર કરેલ જોવા મળી રહ્યા છે? તેઓના કાર્યકર્તાઓ પણ નારાજ જોવા મળી રહ્યા છે અને ક્યાય પણ પ્રચાર માધ્યમ દેખાતું નથી કાર્યકર્તાઓ અને લોકોને પણ શંકાની સૂઈ જઈ રહી છે શું? અત્યારથી જ પાર્ટીમાં ઉમેદવાર ફૂટી ગયા છે શું? અને કઈ પાર્ટીને સપોર્ટ અંદર પેટે કરી રહ્યા છે તે રહસ્યમય બની રહ્યું છે? કોઈ પ્રચાર માધ્યમ નથી સાહિત્યનો અભાવ છે તેવું લોકો દ્વારા જાણવા મળેલ છે કે ઉમેદવાર ક્યાંય જોવા મળતાં નથી? તેવું લોકોમાં તેમજ કાર્યકર્તાઓમાં ચર્ચા ચાલી રહી છે હવે અંદર શુ રંધાય છે તે ચર્ચાનો વિષય બન્યો છે?

કાર્યકર્તાઓ અને પ્રજામાં શંકાની સૂઈ જણાઈ : ધાનેરામાં ઉમેદવારનાં લિધે આમ આદમી પાર્ટીને ભવિષ્યમાં મોટું નુકસાન થાય તેવી સંભાવના

પાલનપુરમાં બીજેશ્વર કોલાનીના રહીશોએ ચૂંટણી બહિષ્કારની ચીમકી આપી...!!!

ત્રણ નંબરની ગલીના રહીશોએ રોડ નહિ તો વોટ નહીના બેનરો લગાવી વિરોધ દર્શાવ્યો : ત્રણ ગલીમાં રોડ બનાવી એક ગલીમાં રોડ પડતો મુકવામાં આવતા લોકોમાં રોષ ભભૂકી ઉઠ્યો

પાલનપુર તા. ૨૮

પાલનપુરમા બિસ્માર રોડ મામલે હરિપુરાના રહીશોએ વિધાનસભા ની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી આપ્યા બાદ બીજેશ્વર કોલાનીના રહીશો એ રોડ નહિ તો વોટ નહીં ના બેનરો લગાવી ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી આપતા રાજકિય રાજકીય પક્ષોના ઉમેદવારો દ્વિધામાં મુકાઈ જવાની સાથે તંત્ર હરકતમાં આવી જવા પામ્યું છે.

પાલનપુર શહેરમાં વિધાનસભાની ચૂંટણીમાં લોકો પાયા ની સમસ્યાઓનો નિકાલ ન થતા રાજકીય પક્ષો અને તંત્ર સામે રોષ વ્યક્ત કરતા થયા છે જેમાં નગરપાલિકા દ્વારા શહેરની બીજેશ્વર કોલનીમા ચાર રોડ મંજુર કરવામાં આવ્યા હતા.જેમાં ગલી નંબર એક, બે અને ચારમાં રોડનું કામ પૂરું કરવા માં આવ્યું છે અને ગલી નંબર ત્રણમાં રોડ બનાવવામાં ન આવતા સ્થાનિકો દ્વારા અવાર નવાર નગરપાલિકા રજૂઆતો કરવા છતાં રોડ બનાવવા માં ન આવતા છેલ્લા ત્રણ માસ થી રોડની સમસ્યા નો સામનો કરી રહેલા ત્રણ નંબરની ગલીના રહીશોએ આખરે વિધાનસભાનું ચૂંટણી નો બહિષ્કાર કરવાનો મિજાજ બનાવી બુધવારે પોતાના વિસ્તારમાં રોડ નહિ તો વોટ નહિ ના બેનતો લગાવી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો જોકે ચૂંટણી પૂર્વે લોકો પડતર કામોને લઈ ચૂંટણીનો બહિષ્કાર કરવાનો મિજાજ બનાવતા વિધાનસભાના ઉમેદવારો અને તંત્ર હરકતમાં આવી જવા પામ્યું છે.

હરિપુરાના રહીશો પણ ચૂંટણી બહિષ્કારની ચમકી આપી હતી

પાલનપુરના સલ્મ એવા હરિપુરા વિસ્તારમાં બિસ્માર રોડ અને રાત દિવસ ભારે વાહનોની અવરજવર ને લઈ સ્થાનિકોને અવરજવર કરવામાં ભારે મુશ્કેલી વેઠવી પડી રહી હોય અને વાહનોના ઘસારા થી અકસ્માત થવાની ભીતિ ને લઈ રોડનું નવીનીકરણ કરવામાં નહિ આવે તો ચૂંટણીનો બહિષ્કાર કરવા ની કલેકટરને બે ત્રણ દિવસ અગાઉ લેખિત ચીમકી આપી હતી.

નસુરાના દોલપુર ગામે પ્રવેશદ્વારનું ભૂમિપૂજન કરવામાં આવ્યુ

ધનસુરા,તા. ૨૮

ધનસુરા ના દોલપુર ગામે પ્રવેશદ્વાર નું ભૂમિપૂજન કરવામાં આવ્યુ હતું.દોલપુર ગામની શોભામાં વૃદ્ધિ કરવામાં માથાના મુગટ સમાન પ્રવેશ દ્વારનું ભૂમિ પૂજન દાતાના સહયોગથી કરવામાં આવ્યું હતું.સ્વ.ખોડાભાઈ ગગાભાઈ દેસાઈ ના સ્મરણાર્થે હસ્તે જીતેન્દ્રભાઈ ખોડાભાઈ તથા પરિવાર અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામજનો વતી સરપંચશ્રી દેસાઈ અંબાબેન નટુભાઈ એ દાતાશ્રી નો આભાર માન્યો હતો.

ઠંડીની જમાવટ, સિંચાઈના પાણી મળતાં વાવેતર વધ્યું

જિલ્લામાં ૬૮ હજાર હેક્ટર જમીનમાં રવી પાકનું વાવેતર

સૌથી વધુ ઘઉંનું ૨૫,૪૦૦, બટાકાનું ૧૮,૫૩૦ હેક્ટર વાવેતર

બાયડ, તા. ૨૮

જિલ્લામાં ઠંડી જમાવટ કરી રહી છે અને સરકાર દ્વારા જળાશયોમાંથી સિંચાઈ માટે પાણી છોડવામાં આવતાં અત્યાર સુધીમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૬૮,૩૭૯ હેક્ટર જમીનમાં રવી પાકનું વાવેતર થયું છે જેમાં સૌથી વધુ ઘઉંનું ૨૫,૪૦૭ અને ત્યારબાદ બટાકાનું ૧૮,૫૩૦ હેક્ટર વાવેતર થયું છે. આગામી સપ્તાહમાં વાવેતરમાં હનુમાન ફૂદકાની સંભાવના છે. ઠંડીની જમાવટ સાથે ખેડૂતો ખેતરમાં પાણી વાળતા જોવા મળી રહ્યા છે. જેથી સૂમસામ ભાસતા ખેત સીમાડા પણ જીવંત દેખાય છે.

પ